647510 **BA02GujC104B** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April – 2024 (As Per Syllabus Year-2018)
## GUJARATI P4: GUJARATI VYAKARAN SARJAN LEKHAN KAUSHAL-2 (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

વ્યક્તિ માટે શું કે સમાજ માટે શું, જીવનના ત્રણ પ્રકાર છે, બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જીવન કલહ કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે, એટલો જ એમાં લાભ છે, પણ એમાં જીવનસાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતિ, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એ એકાંગીપણું મટી જાય છે અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મસાક્ષાત્કારનું જ સાધન છે. એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યા પછી પણ સ્વાપર્ણ માટે જીવવું એ મનુષ્ય હ્રદયને સ્ફુરે છે. આ સ્વાપર્ણ દ્વારા જે જીવન સાધે છે તે કંઇક જૂદું જ છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદેશ સમજાય છે, અને જીવન સફળ બને છે.

-અજ્ઞાત

અથવા

પ્રશ્ન.૧ કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પત્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ તેને વધુ ઓપ આપે છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો તે પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે. સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલા-પણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઇ જાય.

-સુન્દરમ્

પ્રશ્ન.૨ નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

ખોટા અભિમાન રાખવાથી દેશને કંઈ પણ ફાયદો નથી. જે વાત આપણામાં નઠારી હશે તેને જાણીને કે અજાણમાં આપણે સારૂં કહીશું, તેથી કદી પણ તે સારી થવાની નથી. આપણે સારી કહીશું માટે બીજા લોકો કદી સારી કહેવાના નથી. જાણીજોઇને નઠારી વાતને સારી કહેવી એના જેવી બીજી કોઈ મૂર્ખાઈ નથી. નઠારી વસ્તુને સારી માનવાથી મોટામાં મોટું નુકશાન એ છે કે તેને કોઈ વખત સારી થવાનો સમભાવ રહેતો નથી. આપણા શરીરમાં રોગ થયો હોય અને આપણે અભિમાનથી એમ જ માની બેસીએ કે આપણે આરોગ્યવાન છીએ, તો એ અભિમાનનું પરિણામ મરણ સિવાય બીજું કદી થવાનું નથી. આપણે નિર્ધન છતાં ધનવાન છીએ એમ માની મદમાં ફર્યા કરીએ તો આપણે દરિદ્રતામાં સબડયા જ કરીએ એમાં શું આશ્ચર્ય? આપણને એકપણ અક્ષર ન આવડતો હોવા છતાં મહાપંડિતનો ગર્વ રાખીને ફરીએ તો તેથી વિદ્યાલાભ થશે ખરો? જેવું એક માણસનું તેવું જ એક દેશનું પણ સમજવું. દેશનું ખોટું અભિમાન જો દેશવાસીઓ રાખે, પોતાના દૂષણો તરફ નજર ન કરે, દૂષણ દેખે તો પણ ભૂષણ માની લે, દેશની ખરાબી થતી હોય તો પણ બડાઈને સારૂં 'બહુ આબાદ' છે તેવા તડાકા મારે તો બેસક તે દેશ પાયમાલ થયા વિના રહે નહિ. એવા મિથ્યાભિમાનીઓને દેશાભિમાની કહેવાને બદલે દેશના ખરાં દ્રોહી કહેવા જોઈએ. તેઓમાં દેશપ્રીતિ નથી, પણ મૂર્ખાઈનો નશો છે.

-અજ્ઞાત

અથવા

પ્રશ્ન.૨ 'મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી અને સત્ય શોધવું એ મનુષ્યને માટે સહજ છે, સ્વાભાવિક છે. સત્યનિષ્ઠા ખરું જોતા કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને માં-બાપ બાળકોમાં જાણ્યે અજાણ્યે અસત્યનિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે. એ અસત્યનિષ્ઠા દૃઢમૂળ થયા પછી જયારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા માટે પ્રયત્ન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો ! એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે, કેમકે એ પહેલાથી ત્યાં હતી જ. નાના બાળકો જેવું જુએ છે, સમજે છે અને ઈચ્છે છે તેવું સીધે સીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતાં અગવડરૂપ જણાય, ત્યાં એ મૂંઝાય છે. કેટલાક બાળકો તો ઘણું મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું એ સૂઝતું નથી. અરે, સત્યની માંગણી થાય ત્યારે મૂંગા બેસી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઈ માંત્રીક મંત્ર બોલે અને સાપ લાચારીથી પોતાના દરમાંથી બહાર આવે, કમને આવે, પણ આવ્યા વગર રહે જ નહિ, તેવી રીતે માણસ સત્યની માંગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઇ જેમતેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે સત્યનું. અખંડ સત્યવ્રત પાળીને સત્યમૂર્તિ થયેલ મૂર્તિનું.

-ગાંધીજી

પ્રશ્ન.૩ ગુજરાતી ભાષામાં વપરાતા વિવિધ વિરામચિહ્નોનો ઉદાહરણ સહિત પરિચય કરવો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ નીચે આપેલ ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી ગદ્યખંડ ફરીથી લખો.

કાવ્યકૃતિને એક છેડે એનો રચનાર કવિ છે અને બીજે છેડે એનો વાચક છે સર્જક અને ભાવક બંનેનો વિચાર કર્યા વગર કાવ્યનો વિચાર કરી શકાતો નથી આમ કવિતા અને ત્રણ વસ્તુ જોવાની રહે છે એક તો કાવ્ય સર્જનની પ્રક્રિયા બીજું કાવ્યકૃતિ પોતે અને ત્રીજું ભાવકને થતો કાવ્યાનુભવ કવિતા અંગેના લગભગ બધા પ્રશ્નો આ ત્રણના અન્વયમાં ઉપસ્થિત થતા હોય છે આ પ્રશ્નોને સમજવાની મથામણમાંથી જ કવિતાનો વિવેક કરવાની શક્તિ કેળવવાની રહે છે આમાં ભાવકને થતા કાવ્યાનુભાવને મહત્વનું સ્થાન આપવું જોઈએ કારણ કે સર્જકે રચેલ સાહિત્યનો અંતે તો ભાવક દ્વારા જ ઉપભોગ થવાનો છે ભાવક વિના સાહિત્ય કૃતિને વળી કોણ ખોલવાનું

પ્રશ્ન.૪ સમાસની વ્યાખ્યા આપી કોઈપણ બે સમાસનો ઉદાહરણ સાહિત્ય પરિચય કરવો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ નીચેની કહેવતોનો અર્થ જણાવી વાક્યમાં પ્રયોગ કરો.

(૧) કોલસાની દલાલીમાં હાથ કાળ (૨) ચળકે તેટલું સોનું નહિ

(૩) ધરમની ગાયના દાંત ન જોવાય (૪) ધાણીનો બળદ ઠેરનો ઠેર

(૫) સુથારનું મન બાવાળીએ (૬) નેવાના પાણી મોભે ન ચડે

(૭) એક સાંધીએ ત્યાં તેર તૂટે

પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઈપણ બે ના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (૧૪)

(૧) તત્પુરુષ સમાસની વ્યાખ્યા આપી, તેના પાંચ ઉદાહરણ આપો.

(૨) મધ્યમપદલોપી સમાસની વ્યાખ્યા આપી, તેના પાંચ ઉદાહરણ આપો.

(૩) કોઈપણ ચાર રૂઢીપ્રયોગનો અર્થ જણાવી, વાક્યમાં પ્રયોગ કરો.

(૪) નીચેનામાંથી કોઇપણ ચાર સમાસનો વિગ્રહ કરી, સમાસ ઓળખાવો.

સ્વર્ગવાસ, કલ્પવૃક્ષ, દહીંવડા, ચોમાસું, જન્મદાતા, સેવાપૂજા, માબાપ,

********************